પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૩૪, કુલ પાના:૪, તારીખ: ૩૦-૦૯-૨૦૨૦ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 34 PRICE :-RS. 1.50 DATE : 30-09-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### ત્રણ નવેમ્બરે મતદાન, ૧૦ નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે

## કોરોના સંકટ વચ્ચે રાજ્યની વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણી જાહેર

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ૮ પેટાચૂંટણીઓ માટે જે ઘડીની રાહ જોવાઈ રહી હતી, તે ક્ષણ આખરે આવી ગઈ છે. ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે. ૩ નવેમ્બરે ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણીઓ માટે મતદાન થશે અને ૧૦ નવેમ્બરે મતગણતરી થશે.

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ૮ બેઠકોની



પેટાચૂંટણીઓ માટે ૯થી ૧૬ ઓક્ટોબર સુધી ઉમેદવારો પોતાનો ફોર્મ ભરી શકશે. ૦૯ ઓક્ટોબરે ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવશે. ગુજરાતમાં આજથી આચારસંહિતા લાગૂ કરી દેવામાં આવી છે.

બીજી બાજુ પેટાચૂંટણીની જાહેરાતને કોંગ્રેસે આવકારી છે. ચાવડાએ જણાવ્યું છે કે આઠેય બેઠકો પર કોંગ્રેસ જીતશે.ચાવડાએ ભાજપ પર આક્ષેપ કરતા જણાવ્યું કે, ગુજરાતમાં પેટાચૂંટણીઓ માટે ભાજપ જવાબદાર છે. પરંતુ પક્ષપલટુઓને આ વખતે પ્રજા જાકારો આપશે. હાલ કોંગ્રેસમાં આઠેય બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલું છે.

તમને જણાવી દઈએ કે અબડાસા, લીંબડી મોરબી, ડાંગ, કપરાડા, ધારી, ગઢડાવ અને કરજણ બેઠકની પેટાચૂંટણીઓ યોજાવાની છે. કપરાડામાંથી જીતુ ચૌધરી, ડાંગમાંથી મંગળ ગાવિત, લીંબડીમાંથી સોમા પટેલ, ગઢડામાંથી પ્રવિણ મારૂ, ધારીમાંથી જે.વી.કાકડીયા, મોરબીમાંથી બ્રિજેશ મેરજા, કપરાડામાંથી અક્ષય પટેલ અને અબડાસામાંથી પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજીનામાં આપ્યાં હતાં. જેને પગલે આ બેઠકો ખાલી પડી છે.


અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે ૧૨ રાજ્યોની ૫૬ વિધાનસભાની સીટો અને બિહારની એક લોકસભા સીટ પર પેટાચૂંટણીઓની તારીખ જાહેર કરીદીધી છે અહીં ૩ નવેમ્બરે વોટિંગ અને ૧૦ નવેમ્બરે પરિણામ જાહેર થશે.

| તારીખ | પ્રક્રિયા |
|---|---|
| ૯ ઓક્ટોબર | જાહેરનામુ બહાર પડશે. |
| ૧૬ ઓક્ટોબર | ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાનો અંતિમ દિવસ. |
| ૧૭ ઓક્ટોબર | ઉમેદવારી ફોર્મની ચકાસણી. |
| ૧૯ ઓક્ટોબર | ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી શકાશે. |
| ૩ નવેમ્બર | મતદાન. |
| ૧૦ નવેમ્બર | મતગણતરી. |

## પુરીના જગન્નાથ મંદિરમાં ૪૦૪ સેવાદાર અને કર્મચારીઓ કોરોના પોઝિટિવ

પુરી,

ઓડિશાના જગન્નાથપુરી મંદિરમાં હંગામો મચ્યો છે. અહીં, મંદિરના ૩૫૧ સેવાદારો અને ૫૩ કર્મચારીઓને કોરોના વાયરસથી ચેપ લાગ્યો છે. આટલી મોટી સંખ્યામાં કોરોના ચેપના કેસ બાદ શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન (એસજેટીએ) એ મંદિરમાં સેનેટાઈઝેશન કરવાનું કામ શરૂ કર્યું છે. શ્રી જગન્નાથ મંદિર પ્રશાસનના સંચાલક અજય જેનાએ જણાવ્યું હતું કે ૧૨મી સદીના મંદિરમાં કુલ ૪૦૪ લોકોને કોરોના



ચેપ લાગ્યો છે. તેમણે કહ્યું હતું કે, આટલી મોટી સંખ્યામાં સેવાદરો અને કર્મચારીઓની ગેરહાજરી હોવા છતાં ભગવાન જગન્નાથના કર્મકાંડ ચાલુ છે, પરંતુ તેમાં કેટલીક સમસ્યાઓ આવી રહી છે. COVID-19ના કારણે માર્ચમાં કરવામાં આવેલા જગન્નાથ મંદિર બંધ કરવામાં આવ્યું હતું. જે હજુ સુધી શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યું નથી. અધિકારીઓએ કહ્યું કે જે સેવકોનો કોરોનાનો ચેપ લાગ્યો છે તે તમામ હોમ આઈસોલેશનમાં જ છે. તેમના હોમ આઈસોલેશન થયા બાદ મંદિરમાં પૂજા-પાઠ અને અનુષ્ઠાનના જાણકારોની અછત થઈ ગઈ છે. ઓછામાં ઓછા ૧૩ પુજારીઓ એક જૂથમાં મળીને ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન જગન્નાથની વિધિ કરે છે. તેથી, અન્ય સેવાદરો સિવાય ૩૯ પૂજારોની ઉપસ્થિતિ દૈનિક ધાર્મિક વિધિ કરવી જરૂરી છે, જેથી પૂજા યોગ્ય રીતે થઈ શકે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૭૦ હજાર પોઝિટિવ કેસ,૭૭૬ના મોત

## રાહતના સમાચાર: કોરોનાના દૈનિક કેસોમાં ઘટાડો

ન્યુ દિલ્હી,

વિશ્વમાં સૌથી ઝડપી કોરોના ચેપ ભારતમાં ફેલાયેલો છે, પરંતુ હવે પહેલાં જેટલો કદાચ ઘાતક નથી. કારણ કે નવા ચેપમાંથી સાજા થનારા લોકોની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૭૦,૫૮૯ નવા કોરોના કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાથી ૮૪,૮૭૭ દર્દીઓ સાજા થયા છે. જોકે ૭૭૬ દર્દીઓના મોત થયા હતા. આની પહેલાં છેલ્લા ૨૬ દિવસથી દરરોજ એક હજારથી વધુ લોકોના કોરોનાથી મોત થતા હતા.

આરોગ્ય મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ દેશમાં હવે ચેપગ્રસ્ત કોરોનાની સંખ્યા હવે વધીને ૬૧ લાખ ૪૫ હજાર થઈ ગઈ છે. તેમાંથી ૯૬,૩૧૮ લોકોનાં મોત



નીપજ્યાં છે. એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૯ લાખ ૪૭ હજાર થઈ ગઈ છે અને ૫૧ લાખ ૧ હજાર લોકો સાજા થઈ ગયા છે. સંક્રમણના એક્ટિવ કેસની સંખ્યાની તુલનામાં સાજા થનાર લોકોની સંખ્યા અંદાજે પાંચ ગણી વધુ છે.

ICMRના મતે ૨૮ સપ્ટેમ્બર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭ કરોડ ૩૧ લાખ સેમ્પલ ટેસ્ટ કરાઈ ચૂકયા છે, તેમાંથી ગઈકાલે ૧૧ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ ગઈકાલે કર્યું.

રાહતની વાત છે કે મૃત્યુદરમાં સતત ઘટાડો અને એક્ટિવ કેસનો સતત ઘટી રહ્યો છે. મૃત્યુ દર ઘટીને ૧.૫૭% થયો છે. આ સિવાય સારવાર હેઠળ એક્ટિવ કેસનો દર પણ ૧૬%થી નીચે આવી ગયો છે. તેની સાથે જ રિકવરી રેટ ૮૩% પર છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

દેશમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં કોરોના સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય રહ્યું છે. અહીં અત્યાર સુધીમાં ૧૩ લાખ કેસ નોંધાયા છે. ત્યારબાદ આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ આવે છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ સક્રિય કેસ છે. સક્રિય કિસ્સામાં ભારત વિશ્વમાં બીજા નંબર પર છે. કોરોના ચેપની સંખ્યામાં ભારત વિશ્વનો બીજો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે. મોતના મામલામાં અમેરિકા અને બ્રાઝિલ બાદ ભારતનો નંબર છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહિસાગર લુણાવાડા ARTO કચેરીમાં

# વીમા પોલીસીનું વ્યાપક કૌભાંડ ચાલી રહ્યું હોવાની આશંકા સાથે તપાસની માંગ

લુણાવાડા, ચાર વાહનોના દસ્તાવેજની ચકાસણી એઆરટીઓ કચેરીએ કરાવતાં બોગસ ઈન્શ્યોરન્સ તેમજ ગુજરાતનો ટેક્સ ચોરીનો પણ થતી હોવાનું જણાયું : એ.આર.ટી.ઓ એ જે તે ડીલર પર દોષનો ટોપલો ઢોળ્યો કૌભાંડો માટે કુખ્યાત મહીસાગર લુણાવાડા સહાયક પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરીમાં વધુ બોગસ વીમા પોલીસી તેમજ સરકારી આવકને નુકસાનનું કૌભાંડ હજુ પણ ચાલી રહ્યું હોવાની આશંકાના પગલે ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મહીસાગર લુણાવાડા સહાયક પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરીમાં ચાર વાહનોના દસ્તાવેજમાં બોગસ ઈસ્યોરન્સ અને લેટ ફી બચાવવા સરકારી આવકને નુકસાન જણાઈ આવતા બોગસ વીમા પોલીસીનું વ્યાપક કૌભાંડ ચાલી રહ્યું હોવાની પ્રબળ આશંકાના પગલે સઘન કાયદેસરની તપાસની માંગ ઉઠી રહી છે.લુણાવાડા એઆરટીઓ કચેરીમાં એપ્લીકેશન નંબર GJ20070339902239, GJ20082565290870 અને અન્ય રાજ્યની MH 20072231751248, MH20072291749533 ના દસ્તાવેજ ચકાસણીમાં બોગસ ઈન્શ્યોરન્સ પોલીસીઓ હોવાનું ધ્યાને આવતાં જો કચેરીમાં પાસ થયેલા તમામ વાહનોના દસ્તાવેજની ચકાસણી કરવામાં આવે તો વ્યાપક બોગસ દસ્તાવેજો મળી આવે તેમ છે! આ અંગે કચેરીના અધિકારીઓ જ જાતે જ જણાવી રહ્યા છે કે એમાં ખોટું થયું છે પણ આ અંગે તેઓ કશું કરી શકે નહિ ડીલરની જવાબદારી છે.વાહનમાલિક અરજી કરી શકે કે વીમા કંપની તપાસ કરી કાર્યવાહી કરી શકે. પરંતુ બીજી તરફ કેટલાક ડીલરો તરફથી બોગસ દસ્તાવેજો અપલોડ કરવામાં આવે છે તો જવાબદાર અધિકારી દ્વારા શું તપાસ કરવામાં આવે છે તેવા લુણાવાડા એઆરટીઓ કચેરીના જવાબદાર અધિકારીઓ કર્મચારીઓની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે.

અગાઉ મહીસાગર એ આર.ટી.ઓ કચેરીમાં બોગસ વીમા કૌભાંડ ઝડપાયું હતું. આ અગાઉ પણ એ આર ટી ઓ કચેરીમાં ખોટા વીમા રજૂ કરવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતા.૧૨૫ જેટલા નવીન વાહનોમાં ખોટા વીમા રજૂ કરી ગંભીર ગેરરિતી આચરી સરકારની તિજોરીમાં દંડના નાણાં ઓછા જમા કરાવ્યાનું કૌભાંડ બહાર આવ્યું હતું. આ ઉપરાંત એઆરટીઓએ કચેરીના જુનિયર કલાર્કે પોતાની ફરજ દરમિયાન લાખોની માતબર રકમ કચેરીની આવક કરતા ઓછી જમાં બતાવી નાણાની ઉચાપત કરી પોતાના અંગત કામે વાપરી નાખી ગુન્હો કર્યા બાબતે લુણાવાડા પોલીસ મથકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારે કૌભાંડો માટે કુખ્યાત બનેલી કચેરીમાં જો આ મામલે સઘન તપાસ હાથ ધરવામાં આવે તો વધુ એક કૌભાંડનો પર્દાફાશ થાય તેવી શક્યતા જણાઈ રહી છે.

### ડીલરની જવાબદારી છે અગાઉની ફરિયાદ વખતે હું ન હતો : ARTO લુણાવાડા

આ અંગે ડીલરોની જવાબ્દારી છે તેઓને ડોક્યુમેન્ટ અપલોડ કરવાની સત્તા આપેલી છે. વાહન માલિક જો ખોટું થયું હોય તો અરજી કરી શકે છે. ઉપરોક્ત કેસ અંગે જે તે આરટીઓ કચેરીને જાણ કરવામાં આવશે. બોગસ પોલીસીઓ અંગે જે તે વીમા કંપની તપાસ કરી ફરિયાદ કરી શકે છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૧૯ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૦૫૪ પોઝીટીવ કેસ નોંધાયા




લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૬ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૯-૦૯-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૦૫૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૮૯૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૨ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૦ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૫૨૬૦૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૭૦ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૭ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૮ દર્દી હોમ આઈસોલેશન, ૧૨ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૭ દર્દી SDH સંતરામપુર, ૦૬ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૧૫ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ વેન્ટીલેટર અને છે.

## કોરોના એટલે મૃત્યુ-એ ભયમાંથી બહાર આવી જરૂરી તકેદારી અને સાવધાની રાખીએ : જિલ્લા કલેકટરનો મહીસાગર વાસીઓને પ્રેરક સંદેશ

લુણાવાડા, કોરોના એટલે મૃત્યુ – એ ભયમાંથી બહાર આવી લોકોને જરૂરી તકેદારી અને સાવધાની રાખવાનો પ્રેરક સંદેશ આપતા જિલ્લા કલેક્ટર આર. બી. બારડ મહીસાગર વાસીઓને જણાવે છે કે, કોરોના મહામારીનું સંકટ દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં જોવા મળી રહ્યું છે. ગુજરાત સહિત આપણા જિલ્લામાં પણ રોજબરોજ કોરોનાના કેસો આપણને જોવા મળી રહયાં છે. આ બિમારી એવી છે કે, તેની દવા હજુ શોધાઈ નથી અને રસી શોધાવાની પણ બાકી છે. પણ જ્યાં સુધી રસી ન શોધાય ત્યાં સુધી આપણે સૌએ કોરોના સામે કઈ રીતે લડવું, તે સમજી લેવાની જરૂર છે. ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, આરોગ્યના કર્મચારીઓ સહિત પેરા-નોન પેરામેડીકલ સ્ટાફ આ બિમારી સામે લડત આપી નાગરિકોના આરોગ્યની સારવાર કરી રહયાં છે., ત્યારે આપણી પણ કેટલીક જવાબદારી છે. આ બિમારીથી આપણે ડરવાનું નથી, પણ તકેદારી અને સાવધાની જરૂર રાખવાની છે. આયુષ મંત્રાલયે આપણને કેટલીક સુચનાઓ આપી છે, તેનું અવશ્ય પાલન કરવાનું છે. સાથો-સાથ આયુર્વેદમાં સૂચવ્યા પ્રમાણે હળદરવાળું દૂધ પીએ, રોજ નાસ લઈએ તેમજ આદુનો ઉપયોગ કરવાથી રોગપ્રતિકારક શકિતમાં વધારો થતો હોઈ કોરોનાને હરાવવા આપણે શક્તિમાન બની શકીશુ. સાથોસાથ માસ્ક પહેરીને જ બહાર નીકળીએ અને અવાર-નવાર સાબુ-સેનેટાઈઝરથી હાથ ધોતા રહીએ તે પણ ન ભૂલવું જોઈએ. જો આપણે આટલી કાળજી રાખીશું તો આપણે આપણી સાથે આપના પરિવારને કોરાનાના રોગથી બચાવી કુટુંબ અને સમાજનું રક્ષણ કરી કોરાનાને હરાવી શકીશું. આમ છતાં, પણ કોરોના પોઝીટીવ આવે તો પણ ડરવાની જરાય જરૂર નથી. સરખી રીતે – સારી રીતે સારવાર લઈ તેના નિયમોનું ચુસ્તપણે પાલન કરીશું તો આપણે કોરોનાને અવશ્ય હરાવી શકીશું. કોરોના એટલે મૃત્યુ એવો ભય આજે વર્તાઈ રહયો છે. એમાંથી આપણે બહાર આવવાની જરૂર છે. આજે ગુજરાતમાં રીકવરી રેટ ૮૦ ટકા જેટલો છે. દેશમાં પણ આ રેટ સતત વધતો જાય છે. સમગ્ર વિશ્વમાં આપણે સૌથી નીચો મૃત્યુ દર ધરાવીએ છીએ, ત્યારે કોરોનાનો ડર રાખવાની જરૂર નથી. તો આવો આપણે સૌ કોરોનાનો મક્કમતાથી સામનો કરી કોરોનાને હરાવીએ અને જો આમ મક્કમતાથી ડર રાખ્યા વગર આપણે તેનો સામનો કરીશું તો ચોક્કસ હારશે કોરોના, જીતશે ગુજરાત.

## કાલોલના શામળદેવી પંચાયતના સરપંચના બે ઉમેદવારો વચ્ચે ટાઈ પડી ચિઠ્ઠી ઉછાળી સરપંચ નિમ્યા

કાલોલ, કાલોલ શામળદેવી ગ્રામ પંચાયતમાં અવિશ્વાસની દરખાસ્ત પછી સરપંચની ચુંટણી યોજાતા નવા સરપંચ ચુંટાયા. કાલોલ તાલુકાના શામળદેવી ગ્રામપંચાયતમાં મહિલા સરપંચના અવસાન બાદ ડેપ્યુટી સરપંચે પંચાયતનો હવાલો સભાળ્યો હતો.પરંતુ દોઢ મહિનામાં જ અન્ય સાત સભ્યો દ્વારા ડેપ્યુટી સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસ ની દરખાસ્ત રજુ કરતા અવિશ્વાસની દરખાસ્ત બહુમતી થી પસાર થઈ હતી. ત્યારબાદ ફરીથી ડેપ્યુટી સરપંચની ચૂંટણી જાહેર થઈ હતી.અને આજરોજ તા.૨૯/૯/૨૦૨૦ના રોજ વિસ્તરણ અધિકારી વેજલપુરની અદયક્ષતામાં તે ચૂંટણી માટે કુલ ત્રણ ઉમેદવારે ફોર્મ ભર્યા હતા. તેમાં લલ્લુભાઈ, ચેતનાબેન તથા ઝવેરભાઇ હતાં. જેમાં ઝવેરભાઈના ટેકેદારે પોતાનો ટેકો ખેંચી લેતાં બે ઉમેદવારો વચ્ચે ચુંટણી યોજાઈ હતી. જેમાં આંગળી ઉંચી કરીને મતદાન કરતાં લલ્લુભાઈને પાંચ મત અને ચેતનાબેન ને પાંચ મત મળ્યા હતાં. આમ બાકી બે સભ્યો ના સરખાં મત થવાથી ટાઈ થતાં બન્ને સભ્યો વચ્ચે ચિઠ્ઠી ઉછારીને નક્કી કરતાં તેમાં લલ્લુભાઈ વિજેતા જાહેર થયા હતાં. આમ શામળદેવી ગ્રામપંચાયતની બાકી રહેલી મુદત માટે શામળદેવી ગ્રામપંચાયતનો હવાલો વોર્ડ નંબર આઠ ના સભ્ય લલ્લુભાઈ ને ઉપસરપંચ તરીકે સોંપવામાં આવ્યો હતો.

## ઘરે થી નિકળી ગયેલા માનસિક અસ્વસ્થ મહિલાને પરિવાર સાથે મિલન કરાવનું મહીસાગરનું સખી વન સ્ટોપ સેન્ટર



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં વન સ્ટોપ સેન્ટર – સખી યોજના અમલમાં મૂકવામાં આવી છે. સખી વન સ્ટોપ સેન્ટરમાં મહિલાઓ સાથે કોઈપણ હિંસાના કિસ્સામાં તબીબી, કાયદાકીય, મનોવૈજ્ઞાનિક પરામર્શ જેવી વિવિધ સેવાઓ આ સેન્ટર પરથી મળી રહે છે. હિંસાથી પીડિત મહિલાઓની તમામ સમસ્યાઓના સમાધાન માટે એક માત્ર સ્થળ હોય તો સખી વન સ્ટોપ સેન્ટર છે. જયાં મહિલાઓને આપાતકાલીન સેવા, કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યાઓમાં પરામર્શ-માર્ગદર્શન, હંગામી ધોરણે આશ્રમ જેવી સહાય કરવામાં આવે છે.

કોરોના વાયરસની મહામારીના સમય ગાળામાં તા.૨૪/૦૯/૨૦૨૦ ના રોજ લુણાવાડા બસ સ્ટેશન માંથી માનસિક અસ્વસ્થ અજાણી મહિલા ૧૮૧ ટીમને મળી આવેલ હતી. તેને રાત્રીના ૧૦.૦૦ કલાકે આ મહિલાને આશ્રય મળી રહે અને યોગ્ય હૂંફ અને જરૂરી વાતાવરણ મળી રહે તે માટે આ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર મહીસાગર ખાતે મૂકવામાં આવી હતી.

સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આ મળી આવેલ મહિલાનું કાઉન્સેલીંગ શરૂ કરવામાં આવ્યું. કાઉન્સેલીંગ દરમિયાન આ મળી આવેલ અજાણી મહિલાએ તેનું નામ જણાવેલ પરંતુ તેઓના ગામનું ચોકકસ સરનામું ન જણાવતી નહોતી. આમ બીજા દિવસે આ મહિલા પાસેથી જરૂરી વિગતો મળે તે હેતુથી સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા પ્રેમ, હૂંફ અને લાગણીભર્યા વાતાવરણનું નિર્માણ કરી તેણીને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ સવાર-સાંજ ચા-નાસ્તો અને બે ટાઈમ જમવાનું આપવાની સાથે મેડીકલ સારવાર તેમજ તેણીનું કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો તેમનો રિપોર્ટ નેગેટીવ આવતાં ત્યારબાદ ફરી થી કાઉન્સેલીંગ કરવામાં આવતાં ત્યારે જાણવા મળેલ કે તેઓના સગા વહાલા મહિલાને જાહેર સ્થળોએ શોધખોળ કરતાં હતા. ત્યારે સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ટેલીફોનીક જાણ કરાય હતી.

આમ આ પીડીત મહિલાના વાલી વારસ મળી આવતાં તાજેતરમાં તા.૨૭-૦૯-૨૦૨૦ સુધી તેમને આશ્રય આપી તમામ સુવિધાઓ પુરી પડવામાં આવેલ હતી. તેમના વાલી-વારસોને સખી વન સ્ટોપ સેન્ટર મહીસાગર દ્વારા આ મહિલાનું પનઃસ્થાપન કરાતાં તેમના પરિવારએ સખી વન સ્ટોપ સેન્ટર મહીસાગર નો સહદય આભાર વ્યકત કર્યો હતો. આમ, માનસિક અસ્વસ્થતાના કારણે પરિવારથી વિખૂટી પડી ગયેલ મહિલાની માટે સાચા અર્થમાં સખી વન સ્ટોપ સેન્ટર સખી બની ગયું હતું.

## આઠેય બેઠકો પર કોંગ્રેસ જીતશેઃ અમિત ચાવડા

## ભાજપ તમામ આઠ બેઠકો પર ભવ્ય વિજય પ્રાપ્ત કરશેઃ નીતિન પટેલ



ગાંધીનગર, ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે. ૩ નવેમ્બરે ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણીઓ માટે મતદાન થશે અને ૧૦ નવેમ્બરે મતગણતરી થશે. ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ૮ બેઠકોની પેટાચૂંટણીઓ માટે ૯થી ૧૬ ઓક્ટોબર સુધી ઉમેદવારો પોતાનો ફોર્મ ભરી શકશે. ૦૯ ઓક્ટોબરે ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવશે. ગુજરાતમાં આજથી આચારસંહિતા લાગૂ કરી દેવામાં આવી છે.

આ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં પેટાચૂંટણી અંગે સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. આ સાથે જ નીતિન પટેલે કોંગ્રેસ પર વાર કરતા કહ્યું કે, કોંગ્રેસમાં ધારાસભ્યોની અવગણના કરવામાં આવે છે અને તેમના નેતૃત્વથી નારાજ થઈ કોંગી MLA રાજીનામા આપી રહ્યા છે. આ સાથે જ નાયબ મુખ્યમંત્રીએ એવો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો કે, અમે તથા પ્રદેશ અધ્યક્ષ અને મુખ્યમંત્રીના નેતૃત્વમાં લોકોની સેવા કરી કરી રહ્યા છીએ માટે ભાજપ તમામ ૮ બેઠકો પર જીત મેળવશે.

આ સાથે પ્રેસ કોન્ફરન્સમાં નીતિન પટેલે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, રાજ્ય સરકારે ખેડૂતો માટે પેકેજ જાહેર કર્યું છે. અના આ પેકેજનો લાભ પેટાચૂંટણી વાળા વિસ્તારમાં પણ મળશે. અમે લોકોને જરૂર પડી ત્યારે લોકોને લાભ આપ્યો છે.

બીજી બાજુ પેટાચૂંટણીની જાહેરાતને કોંગ્રેસે આવકારી છે. ચાવડાએ જણાવ્યું છે કે આઠેય બેઠકો પર કોંગ્રેસ જીતશે.ચાવડાએ ભાજપ પર આક્ષેપ કરતા જણાવ્યું કે, ગુજરાતમાં પેટાચૂંટણીઓ માટે ભાજપ જવાબદાર છે. પરંતુ પક્ષપલટુઓને આ વખતે પ્રજા જાકારો આપશે. હાલ કોંગ્રેસમાં આઠેય બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલું છે.

## મહિસાગર જિલ્લામાં ખેતી નુકસાનનું વળતર ચુકવવા ખેડુતોએ માંગ કરી

લુણાવાડા, મહિસાગર જિલ્લામાં ભારે વર્ષા અને ઝંઝાવાતથી થયેલ નુકસાન સામે આર્થિક સહાય આપવા સાંસદને રજુઆત કરવામાં આવી છે. મહિસાગર જિલ્લાના તાલુકાઓમાં ભારે પવન સાથે વરસાદ પડવાથી ખેડુતોના ઉભા પાકો પાકવાની અવસ્થાએ આડો પડી જવાથી સરકારે ખેડુતોને આર્થિક સહાયનો લાભ આપવાની યોજનામાં જિલ્લાને સમાવિષ્ટ કરે તેવી માંગણી ખેડુત આલમમાં ઉભી થઈ છે.

તા.૧૩મીની રાતે પવન સાથે વરસાદ પડવાથી કોઠંબા વિભાગના ગામો ખારોલ, પાલ્લા, કોઠંબા, ગુવારીયા, રાબડિયા તેમજ નાના-મોટા બીજા અન્ય ગામડાઓમાં ડાંગર, સોયાબીન વગેરે પાકો આડા પડી ગયા હતા. જે પાક ઉભો છે તે પાણી ભરાઈ જવાને કારણે લણી શકાય તેમ નથી. જેના કારણે ખેડુતોની હાલત કફોડી બની છે. જયારે પણ કડાણા અને પાનમ ડેમમાંથી પાણી છોડવામાં આવે છે ત્યારે આ વિસ્તારના ગામડાઓના ખેડુતોને પાકોમાં મોટુ નુકસાન થાય છે. હાલમાં ખેડુતોની આર્થિક સ્થિતિ ખુબ જ નાજુક હોવાથી કૃષિ સહાય મંજુર કરવામાં આવે તેવી લેખિત રજુઆત થઈ રહી છે. સરકારે રાજયના ખેડુતો માટે ૩૭૦૦ કરોડની સહાયનુ પેકેજ ૩૩ ટકાથી વધુ પાક નુકસાનીના હેક્ટર દીઠ ૧૦ હજાર રૂપિયા ની સહાય રાજયના ૨૦ જિલ્લાઓમાં લગભગ ૧૨૮ તાલુકાઓને પાક નુકસાની સહાય જાહેર કરે છે. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત ૩૩ ટકાથી ૬૦ ટકા સુધી નુકસાનીમાં પ્રતિ હેકટરે ૨૦ હજાર રૂપિયા મહત્તમ ૪ હેકટર સુધી તેમજ ૬૦ ટકાથી વધુ નુકસાનીમાં પ્રતિ હેકટરે ૨૫ હજાર રૂપિયા સહાય આપવાનુ જાહેર કરેલ છે.

લુણાવાડા તાલુકામાં સૌથી વધારે ડાંગરનો પાક થાય છે અને તે પાકે પાકવાની અવસ્થાએ આડો પડી જવાથી ખુબ જ મોટુ આર્થિક નુકસાન ખેડુતોને થયુ છે. મહિસાગર જિલ્લાને ૬૦ ટકાથી વધુ પાક નુકસાનવાળો જિલ્લો-તાલુકો જાહેર કરે ખેડુતોને સહાય મળે તે માટે રજુઆત કરવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૩૦-૯-૨૦૨૦, બુધવાર, અધિક આસો સુદ-૧૪
સૂર્યોદય-૬-૩૯, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૭-૨૭,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ પૂર્વાભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૩૯થી લાભ-અમૃત-૯-૩૮ સુધી, ૧૧-૦૭થી શુભ-૧૨-૩૭ સુધી, ૧૫-૩૫ થી ચલ-લાભ-૧૮-૩૪ સુધી, ૨૦-૦૫ થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૭ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૩૯થી ૮-૩૮ સુધી,૯-૩૮થી ૧૦-૩૭ સુધી,૧૨-૩૭થી ૧૭-૩૪ સુધી,૧૯-૩૪ થી ૨૨-૩૬ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૩૦.૦૯.૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના સગાઈ લગ્નના કાર્યોમાં અવરોધો દૂર થાય ટકેનીકલ લાઈનથી લાભ.

વૃષભ(બ.વ.ઉ.) :- યશ માન-પ્રતિષ્ઠા મલવાની મિલ્કતના પ્રશ્નોમાં લાભ વિદેશ વસવાટ કરવાની ઈચ્છા ફળવાની માતુશ્રીનો સહકાર રહે.

મિથુન(ક.છ.ઘ.) :- દિવસ દરમ્યાન નવી ઓળખાણ થાય વિચારધારાનો લાભ સંસ્થાને મલે. સંતાનોની પ્રગતિ માટે સારો સમય.

કર્ક(ડ.હ.) :- જીવન સાથી સાથે મતભેદો ન થાય તેનું ધ્યાન રાખજો નોકરીને લઈને સ્થળાંતરની શકયતા કર્જમાં રાહત રહે.

સિંહ(મ.ટ.) :- વ્યવસાયમાં નવી વ્યકિતનું જોડાણ થાય રહેણાકના મકાનમાં મનગમતા ફેરફારો શકય બને. પ્રવાસથી લાભ.

કન્યા(પ.ઠ.ણ.) :- શેર સટ્ટામાં લાલચથી દૂર રહેશો તો જરૂરથી લાભ મેળવશો. રોજીંદા વ્યવસાયમાં પણ ધ્યાન દેવું જરૂરી રહે.

તુલા(ર.ત.) :- સામાજીક પ્રતિષ્ઠા જળવાઈ રહે. સંતાનોની સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા પ્રવાસ થાય વિદેશથી લાભ રહે.

વૃશ્ચિક(ન.ય.) :- લખાણ કે દસ્તાવેજોના કાર્યોમાં સફળતા રહે. જીવન સાથીનો સાથ સહકાર મલે. કર્જમાં રાહત મિલ્કતથી લાભ.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- ભાગીદારો સાથે મતભેદો ટાળવા નોકરીમાં સ્થિરતા રાખવી. રોમાન્સમાં સફળતા રહે. વિદેશથી લાભ રહે.

મકર(ખ.જ.) :- શેર સટ્ટામાં જાળવવું નોકરીમાં લાભ રહેવાનો વાણી ઉપર કાબુ રાખવો. વિદેશથી લાભ રહે.

કુંભ(ગ.શ.સ.) :- નોકરીમાં ઉપરી વર્ગ સાથે મતેભદો ટાળવા નવું ધાર્મિક કાર્ય થાય.

મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજવસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે અટકતા કાર્યોને વેગ મલે વીલ વારસાથી લાભ રહે. માંગલીક કાર્યો થાય.

# દે.બારીઆમાં ઐતિહાસિક ટાવર બંધ : સમયની સાથે ન રહેતા વહીવટદારો

દે.બારીઆ,

દે.બારીઆ શહેર રાજવી સમયનું પંચમહાલનું પેરીસ ગણવામાં આવતું હતું. દેવગઢ બારીઆ શહેરા સ્ટેટ મહારાજા જયદીપસિંહજીના પૂર્વજો એ દેવગઢ બારીઆ શહેર વસાવ્યો હતો. તે સમયે શહેરનું સુંદર રીતે આર્ટિટિક કારીગરી અદભૂત જેવી હોય રાજ મહેલ, સાગર મહેલ, લાલ બગલો, વિકટરી સર્કલ આજે પણ સુંદર છે. દેવગઢ બારીઆનું નાક ગણાતું ટાવર જે દેવગઢ બારીઆ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

શહેરના ગમે તે ખૂણા તેમજ રસ્તાની ચોકડીનો અલગ દીશા માંથી જુઓ તો તેનો સમય સ્પષ્ટપણે દેખાય જાય છે.પરંતુ છેલ્લા એક વર્ષથી ટાવર ઘડીયાળ બંધ છે. તેમાંની લાઈટો જે યુએસમાં સ્થાઈ શહેરના વાણીયા સમાજના સુપુતોએ કલર કામ સાથે સુંદર ડેકોરેશન લાઈટ થી સજાવ્યો હતો. તેને નગરપાલિકાના આળસુ કર્મીઓ સાચવી શકયા નથી. આ ટાવરરૂપી ધરોહરને સારા કોઈ કારીગરને બતાવી પૂનઃ ચાલુ કરવા માટે દેવગઢ બારીઆની આમ જનતાની બુલંદ માંગ ઉઠવા પામી છે.

# દાહોદમાં હસ્તકળા ક્ષેત્રે ૧૪ મહિલાઓ શરૂ કરેલ કર્યોઃ ૫૦૦૦ સુધી પહોંચ્યું

દાહોદ,

સહજ સંસ્થા છેલ્લા ૨૦ વર્ષોથી દાહોદ જિલ્લામાં મહિલા રોજગાર અને સશક્તિકરણ ના કાર્યો સઘન રીતે કરી રહી છે. સહજ ના સતત પ્રયાસો ને કારણે દાહોદ હસ્તકળા ના ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતો જિલ્લો બન્યો છે અને દેશ-વિદેશમાં હસ્તકલાનું બજાર ઉભું કર્યું છે. ૧૪ બહેનોથી શરૂ થયેલું કાર્ય આજે ૫૦૦૦ મહિલાઓ સુધી પહોંચ્યું છે.

સહજ ની કામગીરી ને ધ્યાન માં લઈ, ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય હેઠળના ડેવલપમેન્ટ કમિશનર - હેન્ડીક્રાફ્ટ દ્વારા ભારતભરમાં કારીગરો માટે મંજુર થયેલા ૨૦ કલસ્ટર માંથી આદિવાસી મહિલાઓ નું ગુજરાત નું એકમાત્ર કલસ્ટર મંજુર કરાયુ છે. સહજ ૨૦૧૬ થી ડેવલપમેન્ટ કમિશનર હેન્ડીક્રાફ્ટ ની એમપેનલ સંસ્થા છે. સાથે જ નીતિઆયોગ-ભારત સરકાર મા પણ નોંધાયેલ સંસ્થા છે.

આ કલસ્ટર હેઠળ ૫૦૦ બહેનોને કારીગર પહેચાન કાર્ડ મળશે, જે તેમને બેંક લોનથી લઈ સરકાર ની વિવિધ યોજનાઓ મેળવવામાં સહાયરૂપ બનશે. આ કલસ્ટરમાં આવતા પાંચ વર્ષ દરમ્યાન બહેનોની તાલીમ, ડીઝાઈન ડેવલપમેન્ટ, પ્રોડકટ ડેવલપમેન્ટ, એક્ઝિબિશન, ટુલકીટ ડીસ્ટીબ્યુશન, ક્રાફ્ટ ડેમોન્સ્ટ્રેશન સહિતની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરાશે.

પ્રથમ ચરણમાં તાઃ ૨૧-૦૯-૨૦૨૦ ના રોજ લીમખેડા તાલુકાના ઢઢેલા ગામે આવેલ સહજ કેમ્પસ મા ૫૦ બહેનો ને સિલાઈ મશીન અને ટુલકીટ આપવામાં આવી. એ સાથેજ બે ડીઝાઈન વર્કશોપ ની શરૂઆત પણ કરવામાં આવી. જેમાં નીફટ એનઆઈડી ના ડિઝાઈનરો ૬૦ બહેનોને નવી ડીઝાઈન અને તાલીમ પુરી પાડશે.

આ કાર્યક્રમ માં ગીરીશ કુમાર સીંઘલ, આસી. ડાયરેક્ટર, ડેવલપમેન્ટ કમિશનર, અમદાવાદ થી ખાસ હાજરી આપી યોજના વિષે વિસ્તારથી માહીતી આપી હતી. તે સાથે જ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ના જનરલ મેનેજર દવે સાહેબ અને ગુજરાત વડોદરા ગ્રામીણ બેંક ના મેનેજર સંજયભાઈ પુરોહિત સાહેબે ઉપસ્થિત રહી તમામ પ્રકારના સહયોગ ની બાહેંધરી આપી હતી.

આ સાથે જ સંસ્થા ના સ્થાપક અને નિયામક સુજબીનબેન જાંબુઘોડાવાલાએ મહિલાઓ ને સ્વનિર્ભર બનાવવાની દિશામાં થયેલા આયોજનો વીશે વિદીત કર્યા. સંસ્થા ના પ્રમુખ પ્રબંધક વિજયપ્રકાશભાઈ જાની એ સંસ્થા ની વેચાણ વ્યવસાય અને ઈ-માર્કેટીંગ વિશે સમજ આપી. સહજ ના એડવાઈઝરી કમીટીના મેમ્બર મુન્નાભાઈ યાદવે સ્થાનિક મુશ્કેલીઓ અને પ્રશ્નો થી મહેમાનો ને અવગત કર્યા. કપરા સંજોગોમાં પણ કાર્યરત સંસ્થા અને બહેનો ને ધૈર્ય અને લગન સાથે કામ કરવા ની સલાહ આપી હતી.

# ફતેપુરા ગામની યુવતિના લગ્ન ગોધરા ખાતે થયા બાદ સાસરીયાઓને પતિ દ્વારા ત્રાસ આપતાં મહિલા પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં રહેતી એક ૨૮ વર્ષીય યુવતિના લગ્ન આજથી સાત વર્ષ અગાઉ પંચમહાલ જિલ્લાના ગોધરા નગરમાં થયા હતા. સાત વર્ષના લગ્ન જીવન બાદ આ પરણિતાને પતિ તથા સાસુ - સસરા અને સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરી અને એનકેન પ્રકારે શારિરીક અને માનસીક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા આ પરણિતા દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે પતિ, સાસુ - સસરા વિગેરે વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફતેપુરા તાલુકાના કરોડીયા પુર્વ ગામે રહેતી ૨૮ વર્ષીય સ્મીતાબેન મુકેશભાઈ સોલંકીના લગ્ન આજથી સાતેક વર્ષ પહેલા પંચમહાલના ગોધરા નગરના સાયબાબા નગરમાં રહેતા મુકેશભાઈ ધુળાભાઈ સોલંકી સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયા હતા. સાત વર્ષના લગ્ન જીવનમાં બે સંતાનો પણ અવતર્યા હતા. લગ્નના થોડા સમય સુધી સ્મીતાબેનને પતિ તથા સસરા ધુળાભાઈ સોલંકી, સાસુ રૂખીબેન ધુળાભાઈ સોલંકી અને મીનાબેન હસમુખભાઈ સોલંકીએ બે વર્ષ સુધી સારૂ રાખ્યા બાદ પ્રોત પ્રકાશવાનું શરૂ કરી દીધું હતુ અને અવાર નવાર મેણા ટોણા મારી, તને ઘરનું કામકાજ બરાબર આવડતું નથી, અમારે તને રાખવાની નથી, તું તારા બાપાના ઘરે જતી રહે, તારા બાપાના ઘરેથી ત્રણ લાખ રૂપીયા લઈ આવ તો તને રહેવા દઈશું, તેમ કહી શારિરીક અને માનસીક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા સ્મીતાબેન છેલ્લા કેટલાક સમયથી પોતાના પિયર કરોડીયા પુર્વ ગામે રહેવા લાગી છે.

આ સંબંધે સ્મીતાબેન મુકેશભાઈ સોલંકી દ્વારા પોતાના પતિ, સાસુ, સસરા વિગેરે વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆના તાલુકા પંચાયતમાં કોમ્પ્યુટર સરકારી પાસવર્ડનો પ્રાઈવેટ ઉપયોગ કરી લાભાર્થીઓ સાથે છેતરપીંડી

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકામાં ગ્રામ પંચાયત કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા સરકારી આઈડી-પાસવર્ડનો પ્રાઈવેટ ઉપયોગ કરી ગ્રાહકોને છેતરામણી કરાતી હોવાનુ જાણવા મળ્યુ છે.

રાજય સરકાર દ્વારા ગામડાના દરેક ખેડુતોને પોતાના ગામમાં જમીનની નકલો સહિતની સુવિધા મળી રહે તે માટે દરેક ગામડાની ગ્રામ પંચાયતમાં વી.સી.ઈ.ની નિમણુંક કરવામાં આવી છે. જે કોમ્પ્યુટર ઓપરેટર માટે સરકાર તરફથી જરૂરી ઉપકરણોની સુવિધાઓ આપવામાં આવે છે. કચેરીમાં ગામના ખેડુતોને જમીનની ૭/૧૨ અને ૮/અ ના ઉતારા, જન્મ-મરણ ના દાખલા, બીપેએલના દાખલા, ખેડુતોને લગતી યોજનાઓ તેમજ અન્ય ડિજીટલ સેવાઓ જે તે વી.સી.ઈ.ને ગ્રામ પંચાયત કચેરીએથી પુરી પાડવાની થતી હોય છે. પરંતુ ઘણા ખરા ગામડામાં કોમ્પ્યુટર ઓપરેટરને પોતાની ફરજનુ પણ ધ્યાન અને જ્ઞાન હોય તેમ લાગતુ નથી. અને પોતાની પ્રાઈવેટ દુકાનોમાં આ સરકારી આઈડીનો ઉપયોગ કરીને ઉપર દર્શાવેલ સેવાઓ ખેડુતોને પોતાની મો માંગી કિંમત લઈને આપતા હોય છે. એક મળતી માહિતી પ્રમાણે પંચાયત કચેરીમાં તલાટીઓની ઢીલી નિતીના કારણે ખેડુતોને હેરાન થવુ પડતુ હોય છે. જે સેવાઓ ખરેખર તો ગ્રામ પંચાયત કચેરીમાં આપવાની હોય છે પણ આ સેવા ખેડુતોને ત્યાં મળતી નથી. ગામડાના ઘણા ખેડુતો પોતાના ગામમા સુવિધા નહિ મળતા આ આ કામગીરી માટે બારીયા સુધી આવતા હોય છે. આ સરકારના જવાબદાર તંત્ર દ્વારા તપાસ થાય તે જરૂરી બન્યુ છે.

# ફતેપુરા તાલુકાના ડુંગર ગામમાં કોરોના સામે વ્યાપક જનજાગૃતિ અભિયાન

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણથી સાવચેતી માટે ગ્રામ્ય સ્તરે જનજાગૃતિનું અગત્યનું કામ સઘનતાથી થઈ રહ્યું છે. ફતેપુરા તાલુકાના ડુંગર ગામમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. પરંતુ ત્યાં કોરોના સામે બચાવ માટે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.

ફતેપુરાના તાલુકા વિકાસ અધિકારી ટી.જે. અમલીયાર જણાવે છે કે, ડુંગર ગામમાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. તેમ છતાં ગ્રામજનો કોરોના સામે સાવચેતીના તમામ પગલાનું પાલન કરે એ માટે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ગામનાં આગેવાનો અને સામાન્ય જનોને માસ્ક, સેનિટાઈઝર કે સાબુનો ઉપયોગ કરવા બાબત ઉપરાંત સામાજિક



અંતર જાળવવા સમજ આપવામાં આવી રહી છે. સાથે બિનજરૂરી મુસાફરી ન કરવા પણ જણાવવામાં આવે છે.

તેઓ જણાવે છે કે, માસ્કનું નિઃશુલ્ક વિતરણ કરીને લોકોને માસ્કનો અવશ્ય ઉપયોગ કરવા જણાવાય છે. આ માટે ગામના આગેવાનો સાથે જનજાગૃતિ સભા પણ યોજવામાં આવી રહી છે. ફતેપુરામાં ગામે ગામ કોરોના સામે જનજાગૃતિ અભિયાનમાં મામલતદાર, તલાટી, મેડીકલ ઓફીસર, પોલીસકર્મીઓનો સહયોગ આપી રહ્યાં છે. લોકોને કોઈ પણ પ્રકારના લક્ષણ જણાય તો તુરત કોરોના ટેસ્ટ કરાવા પણ સમજ અપાય છે.

# પંચમહાલ ખાણ ખનીજ વિભાગે રોયણ ગામે સાદી રેતીનું મોટાપાયે ખોદકામ થતાં લાખો રૂપિયાનો દંડ ફટકારાયો

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગોધરાની ખાણ ખનીજ કચેરીએ કાલોલ તાલુકાના રોયણ ગામની ચાર મોટી લીઝને ઈ-રોયલ્ટી પાસનો દુરૂપયોગ કરીને ગેરકાયદે સાદી રેતીનુ મોટાપાયે ખોદકામ કરી સરકારને લાખો રૂપિયાનો ચુનો ચોપડવાનો ગંભીર ગુનો આચરવામાં આવ્યો હોવાનુ તપાસમાં બહાર આવતા ખાણ ખનીજ અધિકારીએ આ ચારેવ લીઝના ધારકો સામે પોલ ખોલી શિક્ષાત્મક પગલા ભરી લાખો રૂપિયા તેમજ ડી.એમ.એફ.દંડ ભરપાઈ કરવા કારણદર્શક નોટિસો પાઠવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે આ મામલે અન્ય લીઝધારકોમાં પણ ફફડાટ ફેલાયો હતો.

ગોધરા ખાતેની ખાણ ખનીજ કચેરીના અધિકારીની ટીમે કાલોલ તાલુકાના રોયણ ગામના ચાર મોટી લીઝના માલિકો જેમાં હુસેન રસુલભાઈ દાંત, મહેબુબભાઈ યુસુફભાઈ ગોરા, શોકતભાઈ ઈસ્માઈલભાઈ દુરવેશ, બળવંતસિંહ ભિમસિંહ પરમારની લીઝ પર ઓગષ્ટ-૨૦૨૦ના માસમાં રોયણ ગામેથી પસાર થતી ગોમા નદીમાં બે હેટકર વિસ્તારની સાદી રેતીની લીઝની ઈ-રોયલ્ટી પાસનો દુરૂપયોગ કરી લીઝ વિસ્તાર સિવાય અન્ય વિસ્તારમાંથી ગેરકાયદે સાદી રેતી ખોદી કાઢી તેનુ વહન થતુ હોવાની મળેલ ફરિયાદ અને રજુઆત અન્વયે કચેરીના અધિકારીઓએ અલગ અલગ તારીખોમાં લીઝ ધારકોની હાજરીમાં તપાસ અને માપણીની કામગીરી હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન લીઝ વિસ્તારમાં જોવા મળેલા તાજા ખનીજ ખોદકામના ખાડાઓની તપાસ ટીમે જીપીએસથી સરેરાશ ઉંડાઈની માપણી કરી હતી અને આ અંગે લીઝ ધારકોના નિવેદનો પણ લેવામાં આવ્યા હતા. તેમજ લીઝની વિગત દર્શાવતુ સાઈનબોર્ડ પણ નિભાવ્યુ નહિ હોવાનુ જણાઈ આવ્યુ હતુ. તેમજ આ લીઝોની તપાસ દરમિયાન જોવા મળેલી ખાડાની માપણી કચેરીના નકશા સાથે જનરેટ નહિ થતા અઘઘઘ...કહી શકાય તેટલા મેટ્રીક ટન સાદી રેતીના જથ્થાનુ ગેરકાયદે ખોદકામ કર્યુ હોવાનુ જણાઈ આવ્યુ હતુ. કચેરીના ઓનલાઈન રેકોર્ડ આધારિત ઉત્પાદન નિકાસની વિગતોની ચકાસણી કરતા છેલ્લા કેટલાંક સમયથી આ લીઝધારકોએ અઘઘ...મેટ્રીક ટનની સાદી રીતેનો જથ્થો લીઝ વિસ્તારમાંથી ગેરકાયદે નિકાસ કરી હોવાનુ જણાઈ આવ્યુ હતુ. એમ લીઝ ધારકોએ ગંભીર ગુનો આચર્યો હોવાનુ ફલિત થયુ હતુ. જેથી આ તમામ લીઝ ધારકો પર સરકારને લાખો રૂપિયાનુ નુકસાન કરવા બદલ ગોધરા ખાણ ખનીજ કચેરી આ ચાર લીઝ ધારકોને લીઝ વિસ્તાર સિવાય અન્ય વિસ્તારમાંથી ૧૭,૮૫૯ મેટ્રીક ટન સાદી રેતીનુ ખોદકામ અને વહન કરવા બદલ કુલ ૬૦,૪૪,૦૬૨ રૂ.નો દંડ તેમજ ૪૧ ટકા ડી.એમ.એફ.સહિતનો દંડ ફટકારી કારણદર્શક નોટિસ ફટકારી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરાના સદનપુર ગામે પતિના ત્રાસથી કંટાળી પરણિતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

શહેરા,

શહેરાના સદનપુર ગામ ખાતે પરણીતાએ પતિના ત્રાસથી ઘર ના મોભ ઉપર ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતા ચક્ચાર મચી જવા પામી હતી. પોલીસે મૃતક પરણીતાના પિયર પક્ષની ફરીયાદના આધારે શારીરિક-માનસિક ત્રાસ આપનાર પતિ સામે ૩૦૬ કલમ મુજબ ગુનો નોંધીને કાર્યવાહી હાથધરી છે. શહેરા તાલુકાના સદનપુર ગામ ખાતે રહેતા પ્રવીણ પ્રતાપ પગી ના લગ્ન ૧૭ વર્ષ પહેલા તાલુકાના મંગલિયાણા ગામ ખાતે હંસાબેન સાથે થયા હતા. પરણીતાને તેનો પતિ પ્રવીણ અવારનવાર કોઈને કોઈ બાબતે ઝઘડો કરતો હોવાથી તે કંટાળી ગઈ હતી. જ્યારે હંસાને ત્રણ સંતાનો હોવાથી પોતાનુ ઘરના ભાગે અને ત્રણ બાળકોને પિતાનો સહારો છીનવાઈ જાય નહી તે માટે સાસરીમાં રહેતી હતી. પતિ-પત્ની વચ્ચે ફરીથી ઝઘડો થતા પરણિતાને મનમાં લાગી આવતા તેને ઘરના મોભ ઉપર ગળે ફાંસો ખાઈને પોતાનુ જીવન ટૂંકાવી દીધું હતુ. પરણીતાના પિયર પક્ષને બનેલા બનાવની જાણ થતા તેઓ દોડી આવ્યા હતા. પોલીસ પણ બનાવ સ્થળ ખાતે આવીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. જ્યારે પોલીસ સમક્ષ પિયર પક્ષના લોકોએ દીકરીની હત્યા થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસે પરણીતાની લાશ ને પીએમ કરીને લાશને પરીવારજનોને સોંપી હતી. પોલીસ મથક ખાતે મરણ થયેલ હંસાના પિયર પક્ષના ભુપેન્દ્ર કુમાર ભારતસિંહ પગીએ ફરિયાદ આપતા પોલીસે શારીરિક-માનસિક ત્રાસ સહિત ૩૦૬ કલમ મુજબ ગુનો નોંધીને પરણીતા ના પતિ પ્રવિણસિંહ પ્રતાપભાઈ પગી સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. આ બનેલા બનાવ મા થોડીવાર ના ગુસ્સા ના કારણે ત્રણ બાળકો એ માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી. જ્યારે નાનકડા ગામ મા ચક્ચાર મચી જવા પામી હતી.

# દેવગઢબારિયામાં સાવચેતીને સંગ, જીતીશું જંગ ધ્યેય મંત્ર સાથે કોવિડ-૧૯ વિજય રથનું આગમન

દે.બારીઆ,

રાજયમાં કોરોના મહામારી સામે જનચેતના જગાવવા માટે સાવચેતીને સંગ, જીતીશું જંગ ધ્યેય મંત્ર સાથે નીકળેલા કોવિડ-૧૯ વિજય રથનું દેવગઢબારિયામાં આગમન થતાં બાળરોગ નિષ્ણાંત ડો.ચાર્મી સોની સહિતના નગરસેવકો તેમજ આરોગ્ય કર્મીઓએ ઉષ્માભેર સ્વાગત કરીને નગર તેમજ આસપાસના વિસ્તારોમાં પ્રસ્થાન કરાવ્યું હતું.

દેવગઢબારિયામાં ટાવર ખાતે સૂચના અને પ્રસારણ મંત્રાલય અમદાવાદ અને લોક સંપર્ક કાર્યાલય ગોધરાના ઉપક્રમે કોવિડ-૧૯ વિજય રથ આવી પહોંચ્યો હતો. તેની સાથે પધારેલા ધ્રુવી ફાઉન્ડેશન અમદાવાદના કલાકારોએ પરંપરાગત મધ્યમ ભવાઈ-નાટક વડે જનચેતના જગાવી હતી. તેમણે રસાળ શૈલીમાં કોરોના સામેનો જંગ જીતવા માટેની સમાજ નગરજનોને આપી હતી. યુનિસેફના સહયોગથી કોવિડ-૧૯ વિજય રથ થકી મહિલા અને બાળકોના આરોગ્ય અને પોષણ તેમજ ભારત સરકારની વિવિધ જનસુખકારીની યોજનાઓની માહિતી પણ આપી હતી. નગરજનોને ફેસ માસ્ક સહિત લોકજાગૃતિના સંદેશ આપતા સાહિત્યનુ પણ વિતરણ કરાયું હતું.

આ વેળા, નિષ્ણાંત ડોક્ટરઅને નગરપાલિકાના પૂર્વ ડો.પ્રમુખ ચાર્મી સોની, આરોગ્યકર્મી પર્વતીબેન સહિતનો સ્ટાફ, મીડિયામેન પ્રતિકભાઈ સુતરીયા, સજ્જનબેન ગોહિલ, ગજેન્દ્રભાઈ પરમાર, અક્ષયભાઈ જૈન, અંબાબેન મોહનિયા, પ્રતિક્ષાબેન બારીઆ, ઈકબાલભાઈ, રૂકૈયાબેન, હનીફભાઈ, સત્તારભાઈ સહિતના નગરસેવકો તેમજ ધ્રુવી ફાઉન્ડેશન અમદાવાદના ટીમ લીડર પરેશ નાળ, નીતિન શાહ, વિનોદ સોલંકી, મહેશ મકવાણા સહિતના કલાકારો જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ધન્વંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ કોવિડ હેલ્પલાઈન અને હવે કોવિડ-૧૯ વિજય રથના માધ્યમથી સાવચેતીને સંગ, જીતીશું જંગ ધ્યેય મંત્ર સાથે કોરોના સામેનું યુદ્ધ જારી છે ત્યારે દરેક નાગરિક કોરોના પ્રોટોકોલનું પાલન કરે તે ઈચ્છનીય છે.

# લીમખેડાના વટેડા ગામે બાઈક ઉપર આવેલ લુંટારૂઓએ મહિલા સહિત બે વ્યક્તિ ઝપાઝપી કરી અછોડાની લુંટ કરી

દાહોદ,

લીમખેડા તાલુકાના વટેડા ગામે એક મોટરસાઈકલ પર આવેલ બે લુંટારૂઓએ રસ્તાની સાઈડમાં ઉભેલ એક મહિલા સહિત બે વ્યક્તિઓ સાથે ઝપાઝપી કરી એકના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂા.૨૪,૦૦૦ ની લુંટ લઈ ફરાર થતાં સામાપક્ષેથી પ્રતિકાર આપતાં બે પૈકી એક લુંટારૂને ઝડપી પાડ્યો હતો અને પોલીસને હવાલે કરતાં પોલીસે બીજો સોનાની ચેઈન લઈ ફરાર લુંટારૂની ધરપકડના ચક્રોગતિમાન કર્યાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામે વચલું ફળિયામાં રહેતા આનંદીબેન ધનસુખભાઈ બારીઆ અને તેમની સાથે પોતાના સ્વજનો ગત તા.૨૮મી સપ્ટેમ્બરના રોજ લીમખેડા તાલુકાના વટેડા ગામે કોઈ કામ અર્થે આવ્યા હતા અને વટેડા ગામે રસ્તાની સાઈડમાં ઉભા હતા. આ દરમ્યાન એક મોટરસાઈકલ પર સવાર બે લુંટારૂઓ આનંદીબેન પાસે આવી તેઓએ ગળામાં પહેરેલ એક તોલા સોનાની ચેઈન કિંમત રૂા.૨૪,૦૦૦ ની એક લુંટારૂ મોટરસાઈકલ લઈ નાસી ગયો હતો જ્યારે આ દરમ્યાન લુંટારૂ અને આનંદીબેન તેમજ તેમના સ્વજનો દ્વારા આ લુંટારૂઓ સાથે ઝપાઝપી થતાં બે પૈકી એકને ઝડપી પાડ્યો હતો જ્યારે એક સોનાની ચેઈન લઈ નાસી ગયો હતો. આ બાદ ઝડપાયેલ એક લુંટારૂને લઈ પોલીસ મથકે પહોંચ્યા હતા અને પોલીસે આ લુંટારૂનો નામ પુછતાં પોતાનું નામ મનુભાઈ ઝુમલભાઈ પલાસ (રહે.આમલીખજુરીયા ફળિયુ,તા.ગરબાડા,જિ.દાહોદ) જણાવ્યું હતુ અને ફરાર લુંટારૂનું નામ પંકેશભાઈ મથુરભાઈ પલાસ (રહે.આમલીખજુરીયા ફળિયુ,તા.ગરબાડા,જિ.દાહોદ) જણાવ્યું હતુ. આ સંબંધે પોલીસે ગુનો નોંધી ફરાર પંકેશની પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદમાં ડૉ.હેડગેવાર સેવા સમિતિ અને નેશનલ મેડીકલ ઓર્ગેનાઈઝેન ઉપક્રમે નિઃશુલ્ક ચિકિત્સા શિબિર

દાહોદ,

આજ રોજ ડો હેડગેવાર સેવા સમિતિ તથા નેંશનલ મેડિકલ ઓર્ગેનાઈઝેશન ના સંયુકત ઉપક્રમે દાહોદ માં કાર્યરત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની યોજનાથી કોરોનામાં લોક જાગૃતિ માટે નિઃશુલ્ક ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ તેમાં તમામ રોગોની તપાસ અને સારવાર નિઃશુલ્ક કરવામાં આવ્યું હતું તેમાં દાહોદ નગરમાં પાંચ સ્થાન પર કેમ્પ કરવામાં આવ્યો હતો ગુજરાત માં પ્રથમ વાર કોઈક શહેર ના ૫-૫ સેવા વસ્તી(સ્લમ અરિયા) માં એકજ દિવસે એકજ સમયે આવો મેગા મેડિકલ કેમ્પ દાહોદ નગર માં યોજાયો.

દાહોદ ને ૫ સેવા વસ્તીઓ માં આ કેમ્પ નું આયોજન થયું ભીલવાડા તળાવ ફળીયા,ગોદી રોડ, ગારખાયા,સુખદેવકાકા વસ્તી,ગૌશાળા એમ પાંચ સેવાવસ્તી કેમ્પ કરવામાં આવ્યા હતા તથા કેમ્પ ૧૨૦૦ જેટલા માસ્કનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું તથા રાષ્ટ્રીય સ્વયંસેવકની ભગિની સંસ્થાઓ વિશ્વ હિન્દુ પરિષદ,શેક્ષીક મહાસંઘ,અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, જનજાતિ કલ્યાણ આશ્રમ , તથા અન્ય સંસ્થા અને પેરામેડીકલ વિદ્યાર્થીઓ આ તમામ સંસ્થાના કાર્યકર્તા ના સહયોગ થી આ કેમ્પ કરવામાં આવ્યા હતાકેમ્પ માં ૧૫ જેટલા ડોકટર્સ ૮-૯ મેડિકલ સ્ટુડન્ટસ ૬પેરા મેડીડકલ સ્ટાફ દ્વારા સેવા આપવા માં આવી કેમ્પ માં કુલ ૬૦૦ થી વધારે દર્દીઓ ની તપાસ કરી તેમને દવા આપવામાં આવી હતી તથા ૪૨ જેટલા કાર્યકર્તા ની ટિમ કામે લાગી હતી દાહોદ આરોગ્ય વિભાગ તરફથી નિઃશુલ્ક દવાઓ કેમ્પ માટે આપવામાં આવી હતી.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 34


# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ભારત સરકાર સુચના અને પ્રસારણ અને યુનિસેફના સંયુકત ઉપક્રમે

# કોરોના જાગૃતિ વિજય રથને ગોધરા ખાતેથી પંચમહાલ સમાચારના તંત્રી દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાયું







ગોધરા,
ભારત સરકારના સૂચના અને પ્રસારણ તેમજ યુનિસેફના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવેલી કોવિડ૧૯ જાગૃતિ વિજયરથને ગોધરા શહેરમાંથી જાગૃતિયાત્રા આગળ ધપાવવા માટે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ફરીને આ રથ દ્વારા કોરોના વાયરસ અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે.

ભારતમાં દિન પ્રતિદિન કોરોના કેસોની સંખ્યમાં વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ રાજ્યમાં નોંધાતા મોટાભાગના કોરોના કેસ જાગૃતિના અભાવે એકબીજાના સંપર્કમાં આવવાથી વધી રહ્યા છે. લોકોમાં કોરોના વાયરસ અંગે જાગૃતિ આવે અને કોરોના સંક્રમણના ઘટાડો થાય તે માટે યુનિસેફ, પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો અને ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના સંયુકત ઉપક્રમે રાજ્યના કોવિડ વિજયરથનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજ્યમાં ફરી રહેલા વિજયરથનું પંચમહાલ જિલ્લામાં આગમન થયું હતું. જેમાં આ વિજયરથ નું આજે ગોધરા શહેરના ગાંધીચોક ખાતેથી જિલ્લા વરિષ્ઠ પત્રકાર અજયભાઈ પંચાલ દ્વારા લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કોરોના અંગેનું લોકગીત પણ લોકો સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. તદ્પરાંત શહેરીજનોને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારતી આયુર્વેદિક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આગામી દિવસો દરમ્યાન આ કોવિડ ૧૯ વિજયરથ પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ફરીને નોવેલ કોરોના વાયરસ અંગે સતર્કતાના ભાગરૂપે લોકોમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરશે, અત્રે ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૨૮૧ કોરોના કેસ નોંધાયા છે. જે પૈકી ૪૭૫ જેટલા કોરોના કેસ જિલ્લાના અલગ અલગ ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવ્યા છે. ત્યારે આ વિજયરથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ અટકાવવામાં મદદરૂપ થશે.

## ગોધરા બગીચા રોડ ઉપર ચાઈનીઝ અને નાસ્તાની લારીઓ ઉપર સોશિયલ ડિસ્ટન્સ ન જાળવતાં પોલીસે કાર્યવાહી કરી

ગોધરા,
વિશ્વભરમાં કોરોના મહામારીનો પ્રકોપ જારી છે. દિન પ્રતિદિન કોરોના કેસોમાં વધારો થઇ રહ્યો છે. તેવામાં સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કનો અવશ્ય ઉપયોગ સાથે ધંધા રોજગારમાં બગીચા રોડ ઉપર ખાણીપીણીની લારીઓ મોટા પ્રમાણમાં ઉભી રહે છે બગીચા રોડ ઉપર ઉભી રહેતી ચાઇનીઝ લારીઓ ઉપર ટોળા વળતા લોકો વચ્ચે સોશિયલ ડીસ્ટનસ જળવાતું નથી ત્યારે માંડ-માંડ પોલીસ તંત્રએ કાર્યવાહી હાથ ધરીને મોડી સાંજે ચાઈનીઝ લારીઓ અને અન્ય નાસ્તા પાણીની લારીઓ વાળાઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના મહામારીના અનલોક-૪માં સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કનો અવશ્ય ઉપયોગ સાથે ધંધા રોજગારમાં છુટછાટ આપવામાં આવી છે. કોરોના મહામારીના લોકડાઉનથી બંધ થયેલ નાસ્તાની લારી ખુમચાઓને કોવિડના નિયમોના પાલન સાથે છુટછાટ અપાઇ હતી. ગોધરા શહેરમાં પણ અનલોક-૩ અને ૪ બાદ નાસ્તાની લારીવાળાઓને શોસિયલ ડીસ્ટન્સ જાળવીને ધંધો કરવા માટે છુટછાટ આપવામાં આવી હતી. તેમ છતાં નાસ્તાની લારીઓ ફરસાણની દુકાનોમાં સોશિયલ ડીસ્ટન્સ નહી જાળવીને કોરોના મહામારીની અનદેખી કરીને કોરોના સંક્રમણના કેસ વધે તે રીતે નાસ્તાની લારીઓ ઉપર ટોળાઓ જોવા મળે છે. શહેરના બગીચા રોડ ઉપર મોડી સાંજે ચાઈનીઝ અને સમોસા-કચેરી, દાબેલી ભેળ ની લારીઓ મોટા પ્રમાણમાં ગોઠવી દેવામાં આવે છે. હાલ કોરોના મહામારીમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો થઈ રહ્યો છે છતાં ચાઈનીઝ લારીઓ તેમજ અન્ય નાસ્તાની લારીઓ ઉપર સોશિયલ ડીસ્ટન્સ જળવાઈ રહ્યું ન હોય ત્યારે આજ રોજ પોલીસ વિભાગ દ્વારા બગીચા રોડ ઉપર આવેલ ચાઈનીઝ લારીઓ તેમજ અન્ય નાસ્તાની લારીઓ ઉપર સોશિયલ ડીસ્ટન્સ નહી જાળવતા લારીઓ વાળાઓની અટકાયત કરવામાં આવી છે.

ગોધરા બગીચા રોડ ઉપર નાસ્તાની લારીઓ ઉપર સોશિયલ ડીસ્ટન્સ ન જાળવતા કાર્યવાહી કરવામાં આવતાં ધંધાદારીઓમાં ફફડાટ જોવા મળ્યો છે.



ગોધરા બહારપુરા વિસ્તારમાં છેલ્લા ૧૪ વર્ષથી સદ્દભાવના મિશન કલાસ દ્વારા બાળકોને નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. સદ્દભાવના મિશન કલાસના શિક્ષક ઈમરાન દ્વારા બાળકોને અભ્યાસ સાથે ધાર્મિક તહેવારો પણ મુસ્લીમ શિક્ષક ઈમરાન દ્વારા સદ્દભાવના સાથે ઉજવીને બાળકો સાથે આત્મીયતા રાખતા હોય છે. સદ્દભાવના મિશન કલાસના શિક્ષક દ્વારા ગરીબ અને જરૂરીયાતમંદ બાળકોને એક સખી દાતા અને શિક્ષક દ્વારા કલાસમા આવતાં છોકરા અને છોકરીઓને રેડીમેડ કપડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. બાળકોને નવા કપડા મળતા જે આનંદ જોવા મળ્યો.

## શહેરાની અમુક મેડીકલ સ્ટોર્સમાં દવાના બીલ ન આપતા હોવાનું બુમ ઉઠવા પામી

શહેરા,
શહેરામાં આવેલ અમુક મેડિકલ સ્ટોરમાં દવા લેવા આવતા ગ્રાહકોને બિલ આપવામાં નહી આવતા હોવાની બૂમો ઉઠવા પામી છે. ત્યારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દવા વેચતા મેડિકલ સ્ટોર સામે મીઠી નજર ના રાખીને ઓચિંતી તપાસ કરીને અસરકારક કાર્યવાહી હાથધરે તે જરૂરી છે.

શહેરા નગરમાં મેઇન બજારમાં આવેલ ખડાયતા મેડિકલ સ્ટોર સહિત નગર મા ૧૦થી વધુ મેડિકલ સ્ટોર આવેલા છે.અમુક મેડિકલ સ્ટોરમાં દવાના બિલ ગ્રાહકોને આપવામા આવવા જોઈએ તે આપવામા નહી આવતા હોવાની ગ્રાહકો માંથી બૂમો ઉઠવા પામી છે. સાથે મેડિકલ સ્ટોરની અંદર ફાર્મસિસ્ટ અવશ્ય હાજર હોવા જોઈએ પણ અમુક સમયે ફાર્મસિસ્ટ હાજર ના હોય તો પણ દવાનું વેચાણ થઈ રહી હોવાનુ લોકોમાં ચર્ચાઈ રહયુ છે.પંચમહાલ જિલ્લા ના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા મેડિકલ સ્ટોર મા દવાનો સ્ટોક તેમજ દવાનું વેચાણ થયેલ ગ્રાહકોની યાદી સહિતની તટસ્થ તપાસ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.હાલ તો મેડિકલ સ્ટોર પર દવાની સાથે પશુઓ ના દવા નું પણ વેચાણ થઈ રહયુ છે. નગર વિસ્તારમાં આવેલ મેડિકલ સ્ટોરમા નિયમોનું પાલન થાય છે કે નહી તે માટે જિલ્લાનુ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તંત્ર પોતાની નૈતિક ફરજ સમજીને આ બાબતે જો કાર્યવાહી કરે તો લોકોના આરોગ્યને ચેડા થતા અટકી શકે તેમ છે. તેમજ નશાકારક શિરપ નુ વેચાણ થઈ રહયુ છે. કે નહીં તેની ચકાસણી પણ કરવામાં આવે તે જરૂરી છે. નોંધનીય છે કે અગાઉ પણ પંચમહાલ જિલ્લામાં નશાકારક શીરપ નુ કૌભાંડ બહાર આવતા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે અહીં પણ તંત્ર પોતાની મીઠી નજર ન રાખીને તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ પણ ઉઠી છે.

## ગોધરાના છારીયા PHCમાં ડૉક્ટરની અનિયમિતતાને લઈ જીલ્લા કલકેટરને લેખિત રજુઆત



ગોધરા,
ગોધરા તાલુકાના છારીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટર અનિયમિત આવતાં હોવાથી પી.એચ.સી.માં સારવાર માટે આવતાં દર્દીઓને તકલીફ વેઠવી પડતી હોય આ બાબતે જીલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી.

ગોધરા તાલુકાના છારીયા ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આસપાસના દશ જેટલા ગામોના લોકો તબીબી સારવાર માટે આવતા હોય છે. છારીયા પી.એચ.સી. કેન્દ્રમાં ડૉકટર રેગ્યુલર આવતા ન હોવાની સારવાર અર્થે આવતાં દર્દીઓને હાલાકી વેઠવી પડે છે. છારીયા પી.એચ.સી.ના રેગ્યુલર ડૉકટરને બદલી ગોધરા ખાતે કરી દેવામાં આવી છે. જેને લઈ પી.એચ.સી.માં સારવાર માટે આવતાં દર્દીઓને સારવાર મળતી નથી. હાલ કોરોના જેવી મહામારી એ સકંજો કસ્યો છે. તેવા કપરા સમયમાં પી.એચ.સી.માં અનુભવી તબીબના અભાવે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોય આ બાબતે જાગૃત નાગરિક દ્વારા છારીયા પી.એચ.સી.માં રેગ્યુલર તબીબ મુકવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી.

## ગોધરાના પોપટપુરા ગામ પાસેથી જીલ્લા પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે પાંચ ઈસમો ઝડપ્યા



ગોધરા,
ગોધરા તાલુકાના પોપટપુરા ગામ પાસેથી વડોદરા કોટંબી સીમમાં આવેલ સાઈ એસ્ટેટમાંથી ચોરી થયેલ બે લાખ રૂપીયાના મુદ્દામાલ સાથે પાંચ ઈસમોને પોલીસે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોપટપુરા ગામે હાઈવે રોડ ઉપર વોચમાં હતી. અને વાહન ચેકીંગ દરમ્યાન ટોયોટા કાર નં.એમ.એચ. ૧૯.વાય. ૭૭૭૭ને રોકી હતી અને વાહનના ચેકીંગ દરમ્યાન કારમાંથી અશરફ જાવેદ સીદ્દીક, આદીલ ઈબ્રાહીમ હયાત, નિશાર ઉર્ફે જંગલીયો અનવર બદામ, આફતાબ ઉર્ફે મુસો ઈકબાલ પાચા, અનસ મહમંદ સઈદ કાયમીને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી વડોદરા કોટંબી ગામની સીમમાં આવેલ સાઈ એસ્ટેટ માંથી ચોરી કરેલ એકસાઈડ કંપનીની બેટરી નંગ-૬ કિંમત ૭૮,૦૦૦/-રૂપીયા, ઈન્ડેન ગેસનો બોટલ નંગ-૧ કિંમત ૨૦૦૦/-રૂપીયા, લોખંડના સળીયા કાપવા મશીન નંગ-૨ કિંમત ૨૦,૦૦૦/- મળી ૨,૦૦,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડીને વાઘોડીયા પોલીસ સ્ટેશન નોંધાયેલ ચોરીની ફરિયાદનો અનડીકેટ ગુનાને ગોધરા એલ.સી.બી.પોલીસે ડીટેકટ કરવામાં આવ્યો.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૩૦૪ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૩ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૩૦૪ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૮, હાલોલ-૧૦, કાલોલ-૦૩,મોરવા(હ)-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૨૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૦૪.
- મૃત્યુ આંક - ૧૦૨

### પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૦૮, હાલોલ-૧૦, કાલોલ-૦૩, મોરવા(હ)૦૨.

-: ગોધરા :-

પરમાર જયનકુમાર જે.-૨૭ વર્ષીય પુરૂષ- રામપુર જોખાડા, મીનાબેન નિતિનકુમાર બારીઆ-૩૬ વર્ષીય મહિલા-કંકુ થાંભલા,બાબુભાઈ લાલાભાઈ પ્રજાપતિ-૫૯ વર્ષીય પુરૂષ- કુસુમવિવેક નગર, પરષોતમ કે. પટેલ-૫૬ વર્ષીય પુરૂષ- વૃંદાવન નગર, રાજુભાઈ શકરાભાઈ મકવાણા-૪૫ વર્ષીય પુરૂષ-ભુરાવાવ ડોળપા ફળીયા,માર્મિક જયેશભાઈ શાહ-૧૫ વર્ષીય પુરૂષ- જૈન સોસા., ઈન્દીરાબેન અભશ શાહ-૬૮ વર્ષીય મહિલા-જૈન સોસા., જયકુમાર ભરત-૧૭ વર્ષીય પુરૂષ- ૪૯ પરમહંસ સોસા.,મીનાક્ષીબેન અશોકભાઈ શાહ- ૬૫ વર્ષીય મહિલા-સરસ્વતી સોસા.

-: હાલોલ :-

મીતુદાસ સુરેન્દ્રદાસ-૨૭ વર્ષીય પુરૂષ-હાલોલ, નીધી જયેશ પટેલ-૨૮ વર્ષીય મહિલા-૭ ગાયત્રી સોસા. કંજરી રોડ, હેતલબેન જે.પટેલ-૪૪ વર્ષીય મહિલા-૭ ગાયત્રી સોસા. કંજરી રોડ, પ્રિતીબેન હિતેશભાઈ પટેલ-૪૩ વર્ષીય પુરૂષ-૧૨/૨ ગીરીરાજ નગર કંજરી રોડ, સંજય અરવિંદ શાહ-૪૫ વર્ષીય પુરૂષ-જનકપુરી, સુરેશ દરજારામ મારવાડી-૩૩ વર્ષીય પુરૂષ- સ્ટેશન રોડ,અશ્વિન વિનોદ સોલંકી-૨૮ વર્ષીય પુરૂષ-પીંગળી (ટોટો કોમ્પ.), પ્રમોદ દયાશંકર ત્રિવેદી-૪૦ વર્ષીય પુરૂષ- મીલન એપાર્ટમેન્ટ (સન ફાર્મા), ભાવેશ રમેશભાઈ પ્રજાપતિ- ૨૬ વર્ષીય પુરૂષ-૧૨૪ પ્રેમ સ્ટેટ, જાદવ જસવંતસિંહ જામસિંહ-૫૯ વર્ષીય પુરૂષ-પાનેલાવ,

-: કાલોલ :-

અમીષ મનહર પટેલ-૩૬ વર્ષીય પુરૂષ-કાલોલ.

-: મોરવા(હ):-

કિરણ બાબુભાઈ વણઝારા-૨૯ વર્ષીય પુરૂષ-મંદિર ફળીયા સાગવાડા,ભાનુબેન મહેન્દ્રભાઈ વણઝારા-૨૩ વર્ષીય મહિલા- મંદિર ફળીયા સાગવાડા.



વિશ્વમાં કોરોના હાહાકાર મચાવી મૂક્યો છે ત્યારે ઘોઘંબા તાલુકા ગામમાં યુવાન અવસ્થાના રવિ કનોજીયાને ૧૨ સપ્ટેમ્બરના રોજ ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે કોરોના ટેસ્ટ કરતા પોઝિટિવ જણાયો હતો. ત્યારબાદ રવિ કનોજીયાને સવિતા હોસ્પિટલ વડોદરા ખાતે ખસેડવામાં આવેલ. ૧૮ દિવસની લાંબી સારવાર બાદ શભી મા રાખીને તેઓની સંપૂર્ણ કાળજી લેવામાં આવેલ હતી. તેમના પરિવારના લોકોએ પણ સારવાર માટેની તમામ જહેમત ઉઠાવેલ હતી. આજરોજ તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ અને તેઓને તંદુરસ્તી ખૂબ જ સુધારા પર થતાં કોરોના ને મહાત આપી ૧૮ દિવસે પરત ફરેલા યુવાનને પોતાના પરિવારજનો, પોતાના કુટુંબીજનો,અને પોતાના ગામના લોકો ખૂબ જ હર્ષ અને આનંદની લાગણી વ્યાપી છે. તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

## શહેરા-ગોધરા તાલુકા પંચાયતના TDOની નિમણૂંક થઈ

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં તાલુકા વિકાસ અધિકારીઓની નિવૃત થતાં ખાલી પડેલ જગ્યાઓમાં ગોધરા ખાતે કુ.હેતલ એલ.કટારાની નિમણૂંક કરવામાં આવી સાથે શહેરા ખાતે ખાલી પડેલ જગ્યા એ ચાણસ્માના ટીડીઓ શહેરા તાલુકા પંચાયતના ટીડીઓ તરીકે શ્રીમતી અંકીતા બી. ઓઝાની નિમણૂંક કરવામાં આવતાં જીલ્લાની તાલુકા પંચાયતમાં નિવૃતિ બાદ ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં આવતાં તાલુકા પંચાયતના કામો સરળ અને ઝડપી બને તેવી આશા રાખી શકાય તેમ છે.